# ગુરુદ્રોહનું પ્રાયશ્ચિત્ત
# કુમારિલ ભટ્ટે કેવી રીતે કર્યું ?

ભારતીય સંસ્કૃતિ ગુરુજનોના કારણે જ ગુરુ મનાય છે અને ખરેખર દરેક ક્ષેત્ર ગુરુગમ્ય જ છે અર્થાત્ તેના જાણકારો દ્વારા જ જાણી શકાય તેવું છે. માનીએ કે ન માનીએ પણ ગુરુને બાદ કરતાં આપણે પોતે જ બાદ થઈ જઈએ છીએ. અત્યારે આપણી પાસે જે કાંઈ છે તે સર્વસ્વ અન્યો પાસેથી, તેના જાણકારો પાસેથી જ મળેલું છે. શરીર આપવામાં પણ માતાપિતા નિમિત્ત બન્યાં છે. આમ આપણી પાસે આપણું કાંઈ જ નથી અને તેથી જ ઋષિમુનિઓએ કહ્યું કે 'તેન ત્યક્તેન ભુંજીથાઃ' અર્થાત્ ત્યાગીને ભોગવ. આ સૂત્ર આર્ષ સંસ્કૃતિના પ્રાણ સમાન છે. આ સૂત્ર થકી જ ભારતીય સંસ્કૃતિ 'ગુરુ સંસ્કૃતિ'નું બિરુદ ધારણ કરી શકી છે. ગુરુ સંસ્કૃતિનો કદી નાશ નથી થતો. આ લીટી તેની જ સાક્ષી પૂરે છે-

યુનાનો મિસરો રુમા, સબ મિટ ગયે જહાંસે;
અબ તક મગર હૈ બાકી, નામોનિશાં હમારા.

આમ ગુરુ સંસ્કૃતિ ગુરુજનોને સર્વસ્વ માનવાવાળી હોઈને તે ગુરુદ્રોહને-ગુરુવિશ્વાસઘાતને જઘન્ય પાપ, અક્ષમ્ય અપરાધ માને છે. તેથી તો ગુરુ ગીતામાં કહી દીધું કે 'શિવે રુષ્ટે ગુરુસ્રાતા ગુરો રુષ્ટે ન કશ્ચન' અર્થાત્ ભગવાનના ગુનેગારને ગુરુજનો છોડાવી શકે છે પણ ગુરુ-સંતોના અપરાધીને ભગવાન પણ, કુદરત પણ છોડાવી શકતી નથી. અને ખરું જ છે કે કુદરતના કાનૂનભંગના કારણે આવી પડેલી વિપત્તિમાંથી મુક્ત થવા ગુરુસંતો (જાણકારો) ઉપાય બતાવી શકે છે પણ મનુષ્યકૃત સદ્નિયમાચરણના ભંગથી આવેલી આપત્તિથી મુક્ત થવા કુદરત પાસે સલાહ લેવા જઈ શકાતું નથી.

ગુરુજનોને સીધી રીતે ન માનનાર પણ આડકતરી રીતે તેમનો સ્વીકાર કરતો જ હોય છે. જેમ કે સાહેબ તરીકે, શેઠ તરીકે, ઉસ્તાદ તરીકે, માસ્તર તરીકે, વડીલ કે શ્રદ્ધેય મિત્ર તરીકે આપણાથી કોઈ ઉચ્ચ હસ્તીનો સ્વીકાર આપણે કરતા જ હોઈએ છીએ. આપણે છીએ તો આપણા પિતા છે જ; એ જેટલું નક્કી છે તેટલું જ આપણે છીએ તો આપણા ગુરુ પણ છે તેય નક્કી છે. જે પોતાના પિતાને ન ઓળખતો હોય તેનું સ્થાન સમાજમાં કેવું હલકું ગણાય છે? ગુરુજનોને ઓળખવા એ ભૂષણરૂપ છે, એ ઋણસ્વીકાર છે. આ રીતે ગુરુઋણમાંથી થોડા ઉઋણ થઈ શકાય છે.

ગુરુદ્રોહમાંથી મુક્ત થવા માટે ભારતના નરરત્નો કેટલો મોટો ભોગ આપી શકતા હતા તેનું એક અજોડ દૃષ્ટાંત જોઈએ. તેનો સારાંશ આ પ્રમાણે છે:

પૂ. પા. આદ્યશંકરાચાર્ય મહારાજ શાસ્ત્રાર્થ માટે કુમારિલ ભટ્ટને મળવા તેમના ગામ જાય છે. ગામના પાદરમાં જ ખબર પડી કે શ્રી કુમારિલ ભટ્ટ ગુરુદ્રોહમાંથી મુક્ત થવા તુષના અગ્નિમાં બળી મરવા તૈયાર થયા છે. આ બાબતમાં વધુ તપાસ કરતાં તેમને જાણવા મળ્યું કે કુમારિલ ભટ્ટને પોતાના ધર્મના પ્રચારમાં એક બીજા ધર્મનો પ્રચાર વિઘ્નરૂપ લાગતો હતો. તેથી તે ધર્મશાસ્ત્રનો બરાબર અભ્યાસ કરી લે તો તે ધર્મનું બરાબર ખંડન કરીને પોતાના ધર્મનું મંડન સારી રીતે કરી શકાય તેમ તેમને લાગ્યું. તેથી તેઓ તે સંપ્રદાયના ધર્મગુરુ પાસે જઈને દીક્ષિત થયા અને અમુક સમય તે ધર્મમાં રહી તેનાં બધાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. પછી તેમાંથી નીકળી જઈને પોતાના ધર્મમાં આવી ગયા અને તે ધર્મનું યુક્તિપૂર્વક ખંડન કરીને પોતાના ધર્મનો ખૂબ પ્રચાર કર્યો. પણ પછી તેમણે વિચાર કર્યો કે મારા ધર્મનો તો એવો આદેશ છે કે "જે ગુરદ્રોહ કરે તેણે તુષના અગ્નિમાં બળી મરીને ગુરુદ્રોહનું પ્રાયશ્ચિત્ત કરવું." હું સામેના ધર્મમાં દીક્ષિત થયો ત્યારે મેં તેના ધર્મગુરુને ગુરુ બનાવ્યા હતા. પછી મારા ધર્મનો પ્રચાર કરવામાં મેં તે ગુરુના વિરુદ્ધ ખૂબ કાર્ય કર્યું. તેથી તે તેમનો દ્રોહ જ થયો કહેવાય, વિશ્વાસઘાત જ થયો કહેવાય. તેથી મારે હવે તુષાગ્નિમાં બળી મરીને ગુરુદ્રોહમાંથી મુક્ત થઈ જવું જોઈએ.

શંકરાચાર્યજી તેમને મળવા આવ્યા ત્યારે તેઓ તુષાગ્નિ દ્વારા ગુરુદ્રોહનું પ્રાયશ્ચિત્ત કરી રહ્યા હતા. ધન્ય છે આવા ગુરુનિષ્ઠ, ધર્મધારી સંસ્કૃતિપ્રેમીને. અસ્તુ.

ખરેખર તો કુમારિલ ભટ્ટે પોતાના ધર્મના મંડન અર્થે કરેલું આ કૃત્ય ગુરુદ્રોહમાં ગણવું કે કેમ આ એક પ્રશ્ન છે. પણ આ તો આપણી દષ્ટિ થઈ! તેમની દષ્ટિએ તો કોઈ પણ પ્રકારે થયેલો ગુરુદ્રોહ, ગુરદ્રોહ જ છે; ભલે તે રમતમાં, ગેરસમજમાં, જાણ્યે કે અજાણ્યે કર્યો હોય. ગુરુદ્રોહનું પ્રાયશ્ચિત્ત કર્યે જ મુક્તિ મળે. આવી ધર્મમર્મિસ્પર્શી બાબતમાં શ્રી કુમારિલે લોકાપવાદ પણ રહેવા ન દીધો.

ગુરુદ્રોહનું પ્રાયશ્ચિત્ત તુષાગ્નિસ્નાન બતાવ્યું છે. તુષાગ્નિસ્નાન મહાભયંકર ભીષણ પીડાકારી હોય છે. ધન્ય છે ગુરુદ્રોહનું આવું વિધાન આપનાર સંસ્કૃતિને અને રંગ છે આવાં વિધાનોને હસતે મુખડે માથે ચડાવનાર મરજીવાઓને. આપણા જેવા કલિયુગી-કલમયુગી માનવોને આવી વાતો સાચી પણ ક્યાંથી લાગે ?

એ યુગ પણ જુદો અને એ યુગપુરુષોય જુદા અને એ શાસ્ત્રોય જુદાં. ભલે અત્યારે તેવી રીતે અને તેમની જેમ બલિદાન આપણે ન આપી શકીએ પણ યુગને અનુરૂપ તો આપણે જરૂર વર્તી શકીએ. ભૂલોનું-દ્રોહનું પ્રાયશ્ચિત્ત માફી માંગીને અને 'ફરી આવું નહીં થવા દઉં, એવો સંકલ્પ કરીને કરી શકાય. પણ જેમને પોતાની ભૂલ, ભૂલ જ ન લાગતી હોય તેમના માટે તો આ બધું પાણા ઉપર પાણી જેવું છે, તેના માટે ભગવાન પણ શું કરી શકે ? ગુરુસંતોને ભગવાનથી પણ વધુ ગણ્યા છે. ગુરુસંતોની પ્રેરણાથી જ આવું બધું લખી, વાંચી, વિચારી શકાય છે. વર્તમાનકાળમાં તો સાચું વાંચવું, વિચારવું પણ દુર્લભ થઈ પડ્યું છે. અસ્તુ.

કલિયુગમાં તો 'લોભી ગુરુ લાલચી ચેલા' નો રાફડો ફાટ્યો છે. પછી 'દોનોં નરકમેં ઠેલમઠેલા' જ થાય ને ! સવા ભગતે ગાયું છે કે "ગુરુ સમ ઔર કોઈ નહીં દાતા; માત, પિતા, પુત્ર કે ભ્રાતા." આવા દાતાગુરુને અત્યારે ક્યાં ગોતવા ! અત્યારે તો ગુરુને ચેલો સામસામે સ્વાર્થ સાધવાનો દાવ ખેલતા જણાય છે. ગુરુ ધારે કે હું ચેલાને છેતરી લઉં અને ચેલો કલ્પે કે હું ગુરુને પછાડી દઉં; સ્વામી એ તાકમાં કે ક્યારે ચેલીને ચૂસી લઉં અને ચેલી એ વિચારમાં કે ક્યારે સ્વામીને સપડાવી દઉં.

શેઠ પોતે જ ઓખરવૃત્તિ, અનીતિ અને અસાધ્ય રોગના કારણે 'કાબિલ' ન રહ્યા હોવાથી, જાતે જ શેઠાણીને સ્વામી પાસે જવાની સીધી-આડકતરી પ્રેરણા આપતા હોય અને પછી છટકું ગોઠવીને સ્વામીને ખંખેરવાનોય ઘાટ ઘડતા હોય! એક પંથ દો કાજ.

પાખંડીઓ નમસ્કાર કરવામાં શૂરા હોય છે. પણ તેમના નમસ્કાર "નમન નમન મેં ફેર હે, બહુત નમે નાદાન; દગલબાજ દોઢા નમે, જેમ ચિત્તા ચોર કમાન" જેવા હોય છે. વળી સ્વામીજીઓ પણ "ન મળી નારી તો બાવો રહ્યો બ્રહ્મચારી" જેવી સ્થિતિમાં હોવાથી આંધળાભીંત થઈને કર્કશામાં જ કામરૂદેશની કામિનીને ભાળતા હોય છે, તેથી ભુરાટા થઈને ભૂંડે મોઢે ભીંતે ભટકાઈને ભોંય ભેગા થાય છે અને બીજા અનેક નિર્દોષોનો પણ ઘાણ કાઢી નાખે છે. વળી એ વખતે તેઓ તેમને ચૂસવા આવેલી નખરાળી નટખટ નારમાં જ નિષ્ઠા નિહાળે છે ! "કામાતુરાણાં ન ભયં ન લજ્જા."

'દવ લાગે ત્યાં કોશિયો તૈયાર' અને 'તમાશાને તેડું નહીં' ની જેમ આવા અશ્લીલ, અસભ્ય અને નાપાક સમાચારોને દારૂગોળાના ભડકાની જેમ ચોગમ ફેલાવનાર પણ તૈયાર હોય જ છે. માસિકો, પાક્ષિકો અને દૈનિકોમાં આવા હલકટ, નફફટ સમાચારો ધામધૂમથી ચગે છે ! જે સામયિકો લોકમાન્ય, પ્રામાણિક, સાંસ્કારિક અને પવિત્ર ગણાતાં હોય તે પણ આમાં ઝંપલાવવામાં પાછી પાની શા માટે કરે ! વળી બાકી હોય તેમ હરીફાઈમાં બાજી મારી લેવા માટે અશ્લીલ અને શૃંગારિક છબીઓ પણ ઠાઠમાઠથી મુખપૃષ્ઠ ઉપર પોતાનું સ્થાન આગવું રાખે ! આ તો એવું થયું કે "નીચેનાં પુસ્તકો વાંચવાં નહીં"

એમ લખીને એ પુસ્તકો વાંચવાની કુતૂહલવૃત્તિ જગાડી દેવી. પછી પાણી તો ઢાળ તરફ જ વહે ને ? એક સભ્ય, સંસ્કારી, ભદ્ર સમાજનો સભ્ય એ પાનું ઘરમાં બેઠો વાંચતો હોય ને બીજો સભ્ય ત્યાં આવે તો તેને શરમના માર્યા એ પાનું ફેરવી નાખવું પડે, એ બતાવવા કે હું એવું નથી વાંચતો-વાંચતી.

"સમાજને સાવધાન કરવા"ના બહાને ગલગલિયાં કરાવીને, વૃત્તિને ઉશ્કેરીને, વેપારી દૃષ્ટિનું પોષક એવું ઘણું બધું ખડકી દેવાય. એ વખતે ગુણવત્તાની ફૂટપટ્ટી પણ કોરે રહી જાય ! અને આપણી વૃત્તિ પણ કેવી ! કાલે કથામાં શું આવ્યું હતું તે ગોતવામાં આળસ કરીશું પણ 'છિનાળવું' પ્રકરણ કેટલે આગળ વધ્યું છે તે જાણવા માટે છાપું આવ્યા પહેલાં જ ઊઠીને તે વાંચવા માટે તલપાપડ થઈશું !

અનેક માધ્યમો દ્વારા જે કાંઈ સારું સારું પીરસાય છે તેની સમાજ ઉપર જો સારી અસર થતી હોય, તો ખોટું પીરસાય - ભલે ગમે તેવી યુક્તિ-પ્રયુક્તિથી પણ તોય - તેની ખોટી અસર કેમ ન થાય ? થાય જ. ચાળણી મણબંધી અનાજને ચાળીને સાફ તો કરે છે પણ બધા કાંકરા-કચરો ચાળણીમાં જ રહી જાય છે ! અને જો ચાળણીને સાફ ન કરવામાં આવે તો તેના છિદ્રો પણ પુરાઈ જાય અને તેથી તેનું અનાજ સાફ કરવાનું કાર્ય પણ બંધ પડે. તેમ જો સુધારકો સાવધાન ન રહે તો કુધરેલાના દુર્ગુણો છદ્મરૂપે તેમનામાં પેસી જ જાય.

ગુરુ વ્યક્તિરૂપે, મંડળરૂપે અને તત્ત્વરૂપે અખંડપણે બિરાજે છે. લઘુ સમજણથી લઘુ અને ગુરુ સમજણથી ગુરુ બની શકાય છે. ગુરુદ્રોહ એટલે આત્મદ્રોહ. આત્મદ્રોહીને શાંતિ કેવી ? તે, અશાંતિ અને અતૃપ્તિની તુષાગ્નિમાં સદાય... સદાય... જલતો જ હોય છે. પરમકૃપાળુ, પરમગુરુ પરમાત્મા અમને સાચી સમજણ અર્પો, અસ્તુ.

ગુરુને પારકા ન માનો, માનો પોતાના;
ગુરુને પારકા ન માનો, ગુરુ પોતે છો.